# સરદાર પટેલ યુનિવર્સીટી

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત) ભારત

નેક રી-એક્રીડિશન સીજીપીએ ૩.૨૫ ગ્રેડ - 'એ' (૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

નં. ડી/૨૦૨૦-૨૧/ ૨૦૩૬ — એકેડેમિક વિભાગ

તારીખ: ૧૧-૦૯-૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી/ડાયરેક્ટરશ્રી,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ઇન્સ્ટિટ્યુટસ

સરદાર પટેલ યુનિવર્સિટી

વિષય: વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ બાબતે અગત્યની સુચના.

સુજ્ઞશ્રી/સુશ્રી,

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં સંબંધકર્તા સર્વેને જણાવવાનું કે આપની કોલેજ/ઇન્સ્ટિટ્યુટમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં સ્નાતક/ડિપ્લોમાના અભ્યાસક્રમના પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ નીચે જણાવ્યા મુજબ ઓનલાઇન (http://spuportal.in માં) ભરવાની જવાબદારી જે તે કોલેજ અથવા ઇન્સ્ટિટ્યુટની રહેશે.

| અ.નં | વિગત | વિદ્યાર્થી દીઠ ફી | વિદ્યાર્થી દીઠ લેઇટ ફી | ઓનલાઇન ફોર્મ ભરવાની તારીખ | હાર્ડ કોપી જમા કરાવવાની તારીખ | લેઇટ ફી સાથે ફોર્મ ભરવાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | એનરોલમેન્ટ ફી (યુ.જી. વિદ્યાર્થીઓ માટે) | ૫૦/- | ૧૦૦/- | ૧૧/૦૯/૨૦ થી ૦૩/૧૦/૨૦ | ૦૫/૧૦/૨૦ થી ૦૯/૧૦/૨૦ | ૧૨/૧૦/૨૦ થી ૧૭/૧૦/૨૦ |
| ૨ | FEC (ફાઈનલ એલીજીબીલીટી સર્ટિ.) | -- | ૧૦૦૦/- | -- | માઇગ્રેશન ૨૭-૧૧-૨૦૨૦ સુધી | ૦૧-૧૨-૨૦૨૦ |

ઓનલાઇન ભરેલા ફોર્મનો રીપોર્ટ નિયત કરેલ એનરોલમેન્ટ ફી સહીત યુનિવર્સિટીના એકેડમિક વિભાગમાં હાર્ડ કોપી સહિત જમાં કરાવવાનો રહેશે. અંતીમ તારીખ બાદ કોઇપણ એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી તથા તેવા વિદ્યાર્થીઓના પ્રવેશની સંપુર્ણ જવાબદારી જે-તે આચાર્યશ્રીની રહેશે જેની ખાસ નોંધ લેવી.

(P.T.O.)

વધુમાં જણાવવાનું કે યુનિવર્સિટી દ્વારા એનરોલમેન્ટની કાર્યવાહી ઓનલાઇન પદ્ધતિથી કરવામાં આવતી હોઇ એનરોલમેન્ટના ફોર્મ (હાર્ડ કોપી) આપવામાં આવશે નહી. જેથી વિદ્યાર્થીઓના પ્રવેશની સાથે જ ઓનલાઇન એનરોલમેન્ટની કાર્યવાહી (http://spuportal.in માં) શરૂ કરવાની રહેશે.

વધુમાં, આપની કોલેજમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ અન્ય યુનિવર્સીટી (સરદાર પટેલ યુનિવર્સીટી સિવાય) અથવા અન્ય બોર્ડ (ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાય) માંથી પરીક્ષા પાસ કરી આ યુનિવર્સીટી સંલગ્ન કોલેજો/વિભાગમાં પ્રવેશ મેળવેલ પ્રવેશ સમયે ઓરીજીનલ દસ્તાવેજો ચકાસણી કર્યા બાદ પ્રવેશ ફાળવેલ હોય તેવા વિદ્યાર્થીઓનું અલગથી PEC ફોર્મ હાર્ડ કોપીમાં ભરાવવાની જરૂરિયાત રહેતી નથી. પરંતુ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના એનરોલ્મેન્ટ કરવામાં આવશે તેની સાથે PEC નંબર સીસ્ટમ દ્વારા ઓટોમેટીક જનરેટ કરવામાં આવશે તથા આવા વિદ્યાર્થીદીઠ રૂ. ૫૦/- PEC Fees એનરોલ્મેન્ટ ફી સાથે જ યુનિવર્સીટીમાં જમા કરાવવાની રહેશે. જેની ખાસ નોધ લેવી.

વધુમાં, આવા વિદ્યાર્થીઓની તા.૨૭-૧૧-૨૦૨૦ સુધીમાં અસલ માઈગ્રેશન સર્ટિફિકેટ કોલેજ દ્વારા એકત્રિત કરી એક ફાઈલ બનાવી યુનિવર્સીટીના એકેડેમિક વિભાગમાં જમા કરાવવી અને ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફિકેટ (FEC) યુનિવર્સીટી દ્વારા જનરેટ કરવામાં આવશે. ઉપરોકત સમય મર્યાદામાં કોલેજ દ્વારા માઈગ્રેશન સર્ટિફિકેટ જમા નહિ કરાવવામાં આવે તેની જવાબદારી જે-તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

તારીખ ૨૭-૧૧-૨૦૨૦ સુધીમાં FEC મેળવવામાં નહિ આવે તો યુનિવર્સીટીના ઓર્ડીનન્સ ૯૪ (૧) મુજબ વિદ્યાર્થીદીઠ રૂ. ૧૦૦૦/- લેઈટ ફી લેવામાં આવશે તથા આવા તમામ વિદ્યાર્થીઓના પ્રથમ સેમેસ્ટરના પરીક્ષાઓના પરિણામ પેન્ડીંગ કરવામાં આવશે. તેની ખાસ નોધ લેવા જાણ કરવામાં આવે છે.

નોધ: સ્નાતક કક્ષાના પ્રવેશ નિયમો ૨૦૨૦-૨૧ માં Cancellation of admission & Refund of fees માટે Last date of admission ૦૩-૧૦-૨૦૨૦ ગણવાની રહેશે.

ખાસ નોંધ: કોલેજ દ્વારા પ્રવેશ મેળવતા વિદ્યાર્થીનું યુનિવર્સિટી પોર્ટલમાં એનરોલ્મેન્ટ થઇ ગયા બાદ એનરોલ્મેન્ટના રીપોર્ટની હાર્ડકોપી (Student Check list) કાઢી, વિદ્યાર્થીના નામ ધો-૧૨ની માર્કશીટ મુજબ ખાસ ચકાસવા જો નામમાં કોઈ ભૂલ હોય તો અલગથી કોલેજ દ્વારા નામમાં સુધારા અંગેના પત્ર સાથે ધો.૧૨ ની માર્કશીટની નકલ જોડી યુનિવર્સીટી એકેડેમિક સેક્શનને જાણ કરવાની રહેશે.જો કોઇ કોલેજમાં અન્ય યુનિવર્સીટીમાંથી આપણી યુનિવર્સીટીમાં ત્રીજા સેમેસ્ટરમા Equavalent Committee દ્વારા વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ હોય તો કોમ્પ્યુટર સેન્ટર ખાતે ઓફલાઈન એનરોલ્મેન્ટ કરાવવાનું રહેશે.

આપનો વિશ્વાસુ,

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના:

(૧) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ. તથા સદર પત્રને યુનિવર્સિટી વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

(૨) પરીક્ષા વિભાગ તરફ જરૂરી જાણ સારૂ.

(૩) હિસાબ વિભાગ. ઘટતી કાર્યવાહી કરવા સારૂ